بسم اللہ الرحمن الرحیم

# સારાંશ ખુત્બા જુમ્મા સૈયદના હઝરત અમિરૂલ મોમિનીન ખલીફતુલ મસીહ પંજુમ અય્યદહુલ્લાહ તઆલા બિનસરિહિલ અઝીઝ, તા.10-11-2017 સ્થળ: બૈતુલ ફુતુહ, લંડન

તશહુદ તઆઉઝ તથા સુરઃ ફાતેહાની તિલાવત બાદ હુઝુર અનવર અય્યદહુલ્લાહ તઆલા બિનસરિહિલ અઝીઝે નિચે દર્શાવેલ કુરઆનની આયતની તિલાવત કરી અને તેનો અનુવાદ રજુ કર્યો.

يٰۤاَيُّهَا الَّذِيۡنَ اٰمَنُوۡا كُوۡنُوۡا قَوّٰمِيۡنَ بِالۡقِسۡطِ شُهَدَآءَ لِلّٰهِ وَلَوۡ عَلٰۤى اَنۡفُسِكُمۡ اَوِ الۡوَالِدَيۡنِ وَالۡاَقۡرَبِيۡنَ‌ۚ اِنۡ يَّكُنۡ غَنِيًّا اَوۡ
فَقِيۡرًا فَاللّٰهُ اَوۡلٰى بِهِمَا‌ فَلَا تَتَّبِعُوا الۡهَوٰۤى اَنۡ تَعۡدِلُوۡا‌ ۚ وَاِنۡ تَلۡوٗۤا اَوۡ تُعۡرِضُوۡا فَاِنَّ اللّٰهَ كَانَ بِمَا تَعۡمَلُوۡنَ خَبِيۡرًا ﴿۱۳۵﴾
يٰۤاَيُّهَا الَّذِيۡنَ اٰمَنُوۡا كُوۡنُوۡا قَوّٰمِيۡنَ لِلّٰهِ شُهَدَآءَ بِالۡقِسۡطِ‌ وَلَا يَجۡرِمَنَّكُمۡ شَنَاٰنُ قَوۡمٍ عَلٰٓى اَلَّا تَعۡدِلُوۡا‌ ؕ اِعۡدِلُوۡا هُوَ اَقۡرَبُ
لِلتَّقۡوٰى‌ وَاتَّقُوا اللّٰهَ‌ ؕ اِنَّ اللّٰهَ خَبِيۡرٌۢ بِمَا تَعۡمَلُوۡنَ ﴿۸﴾ وَمِمَّنۡ خَلَقۡنَاۤ اُمَّةٌ يَّهۡدُوۡنَ بِالۡحَـقِّ وَبِهٖ يَعۡدِلُوۡنَ ﴿۱۸۱﴾

ફરમાવ્યું: અલ્લાહ તઆલાએ જે પ્રકારે અને જે સ્તરે ન્યાય સ્થાપિત કરવાની મુસ્લિમોને હિદાયત આપી છે કોઈ અન્ય ધાર્મિક પુસ્તકમાં આ સ્તર મૌજૂદ નથી. પરંતુ દુર્ભાગ્યવશ અત્રે પ્રત્યેક સ્થળે મુસ્લિમોમાં એક એવો મોટો સમુદાય છે, લીડરોમાં પણ તથા આલિમોમાં પણ જે ન્યાયના તકાઝાઓ પૂર્ણ નથી કરતાં. તેવી જ રીતે ઘરોમાં, સામાન્ય લોકોમાં, સાધારણ બાબતોમાં ન્યાયના તે સ્તર જોવા નથી મળતા જે અલ્લાહ તઆલાએ કાયમ કર્યા છે, જેમાં એક મોમિનથી આશા પણ નથી કરી શકતાં. ઘરેલૂ મતભેદના મામલાઓમાં પુરૂષો તરફથી તથા મહિલાઓ તરફથી પણ ઘણી વાર અનુચિત વાતો સાથે મામલાઓ અદાલતોમાં રજૂ કરવામાં આવે છે, જુઠી સાક્ષીઓ આપવામાં આવે છે. નાજાયઝ હક લેવા માટે અથવા કોઈના અધિકારો નું હનન કરવા હેતુ જુઠ અને અનુચિત બયાનોથી કામ લેવાય છે. ભાવાર્થ એ કે મોટી સંખ્યા એવી છે જે સત્યતાથી કામ નથી લેતી તથા અદાલતને પણ દગો કરે છે. અમુક સ્થળે ન્યાય કરનાર અનુચિત નિર્ણય પોતાના સ્વાર્થ માટે કરે છે. માનો કે વ્યવસ્થા જ બગડી ગઈ છે. તો આ અન્યાયના કારણે સમાજમાં બૂરાઈઓ ફેલાય છે અને પછી રાષ્ટ્રીય સ્તર પર શાસકો ન્યાયની માંગ પૂર્ણ નથી કરતાં, ન પોતાની જનતા માટે ન્યાયની પ્રક્રિયા પુરી કરવામાં આવે છે, ન દેશોના પરસ્પર સંબંધોમાં ન્યાયની પ્રક્રિયા પુરી કરવામાં આવે છે. આલિમો છે તો તેમણે ધર્મને પોતાના વ્યકિતગત સ્વાર્થ પ્રાપ્ત કરવાનું સાધન બનાવી લીધું છે અને દાવો મુસ્લિમોનો આ છે કે આપણે ખૈર એ ઉમ્મત છીએ તથા ઈસ્લામ જ દુનિયાની સમસ્યાઓનું સર્વશ્રેષ્ઠ નિવારણ રજુ કરે છે. નિ:સંદેહ મુસલમાન ખૈર એ ઉમ્મત છે જો તેઓ અલ્લાહ તઆલાના આદેશો પર ચાલે અને કુરઆન શરીફની તાલીમ અનુસાર કામ કરે તો નિ:સંદેહ ઈસ્લામ જ દુનિયાની તમામ સમસ્યાઓનું નિવારણ રજુ કરે છે પરંતુ આ શર્ત કે તેની તાલીમ અનુસાર હક અને ન્યાય કાયમ કરવામાં આવે.

હુઝુર અનવરે ફરમાવ્યું : આ આયતો જે મેં તિલાવત કરી છે, આ ત્રણ અલગ અલગ સૂરતોની છે. સૂરઃ અન્નિસાની, અલ માયદહની અને અલ આરાફની. પહેલી આયત જે સૂરઃ અલ નિસાની છે તેનો અનુવાદ આ છે કે હે ઈમાન લાવનારાઓ ! તમે સંપૂર્ણ રીતે ન્યાય ઉપર કાયમ રહેનારા અને અલ્લાહની ખાતર સાક્ષી આપનાર બનો, પછી ભલે તમારી સાક્ષી તમારા પોતાના વિરૂદ્ધ હોય અથવા તમારા માતા પિતા અથવા નિકટના સગાઓના. ખેઈ ધનવાન હોય કે નિર્ધન, બંનેનો નિગેહબાન અલ્લાહ જ છે. માટે તમારી મનોકામનાઓને આધીન નહી થાઓ, તો જ તમે ન્યાયપૂર્વક વર્તી શકશો અને જો તમે સત્યને છુપાવશો અને ટાળાટોળ કરશો તો જાણી લો કે તમે જે કરી રહ્યા છો તેનાથી અલ્લાહ ખુબ માહિતગાર છે.

આમ આ તે આદેશ છે ન્યાયનો સ્તર સ્થાપવાનો. નિઝી તથા ઘરેલૂ મામલાઓમાં પણ તથા સામાજિક મામલાઓમાં પણ કે જેવા પણ હાલાત હોય ન્યાય પર હંમેશા કાયમ રહેવું છે. મોમિનોને આ

આદેશ છે કે અલ્લાહ માટે તથા અલ્લાહ તઆલાના આદેશ અનુસાર મોમિનની સાક્ષી હોવી જોઈએ અને આ તે જ સમયે થઈ શકે છે જ્યારે અલ્લાહ તઆલા પર સંપૂર્ણ ઈમાન હોય. ઈમાનનો સ્તર અત્યંત ઉચ્ચ શ્રેણીનો હોય તથા મજબૂત હોય. મજબૂતીનો ત્યારે જ ખબર પડશે જ્યારે ઈન્સાન પોતાના વિરૂદ્ધ પણ સાક્ષી આપવા માટે તૈયાર હોય, પોતાની પત્નિ તથા બાળકો વિરૂદ્ધ પણ સાક્ષી આપવા માટે તૈયાર હોય, પોતાના માતા પિતા વિરૂદ્ધ પણ જો જરૂરત પેશ આવે તો સાક્ષી આપવા માટે તૈયાર હોય, નિકટ સગાઓની વિરૂદ્ધ પણ સાક્ષી આપવી પડે તો તૈયાર હોય. ફરમાવ્યું કે ઈચ્છાઓનું અનુસરણ ન્યાયથી દુર કરે છે જો પોતાની ઈચ્છાઓની પૂર્તિમાં પડી જઈએ તો ન્યાયથી દુર થઈ જઈશું. આજ કાલ સમાજની અનેક સમસ્યાઓ એટલા માટે છે કે ન્યાયના સ્તર અટલા વિશુદ્ધ નથી જે અલ્લાહ તઆલા ચાહે છે. પોતાની વાતોને ફેરફાર કરી પેશ કરવું સામાન્ય વાત છે.

આ વાત પર ખેદ છે કે ઘણી વાર આપણામાંથી પણ અમુક લોકો દુનિયાદારી તથા વાતાવરણના પ્રભાવના કારણે હઝરત મસીહ મૌઉદ અ.સ.ની બૈઅતમાં આવ્યા છતાં આ પ્રકારની વાતો કરી જાય છે તથા એવી સાક્ષી આપી દે છે જે સત્યથી  દુર હોય છે. અલ્લાહ તઆલા તો ફરમાવે છે કે તમારા પોતાનું અથવા પોતાની માતા પિતાની હાનિ કેમ ન થઈ જાય તો પણ કયારેય એવી વાત ન કરો જે ગોલ મોલ હોય અથવા કોઈ પણ પ્રકારે આ આભાસ થાય કે સત્યને છુપાવવા માટે જાણી જોઈને અનદેખો કરવામાં આવ્યો, સાચી સાક્ષી આપવાથી બચવાનો પ્રયાસ કર્યો હોય જ્યાં પૂર્ણ સત્યથી કામ નથી લેવામાં આવતો. લેવળ દેવળના મામલાઓ છે, તેમાં પણ આપણે જોઈએ છીએ કે ત્યાં સત્યને છુપાવવામાં આવે છે. કેટલાક દીનનું જ્ઞાન રાખનાર તથા પ્રત્યક્ષઃ સેવામાં પણ અગ્રેસર આ પ્રકારના કાર્યો કરી જાય છે કે ઈન્સાન પરેશાન થઈ જાય છે કે એવા લોકો પણ આ પ્રકારની વાતો કરી શકે છે જે પ્રત્યક્ષમાં આલિમ છે.

જે ઈમામને આપણે માન્યો છે તેણે તો કુરઆન શરીફના આદેશો પર ચાલતા એવા ઉદાહરણો કાયમ કર્યા છે જે ગૈરોને પણ આશ્ચર્ય ચકિત કરી દે છે. હઝરત મસીહ મૌઉદ અ.સ. પોતાના પિતાના ખેતીહરો વિરૂદ્ધ એક મુકદમામાં પેશ થયા તથા ન્યાયની પ્રક્રિયા પુરી કરતા સત્ય વાત જણાવી, જેનો લાભ ખેતીહરોને થયો અને આપ અ.સ.ના પિતાને નુકસાન થયું. આમ આંહઝરત સ.અ.વ.ના જે સાચા ગુલામને આપણે માન્યો છે, તેનો નમૂનો તો આ હતો અને આ નમૂનાઓને સામે રાખતા આપણે આપણી સાક્ષીઓ પ્રત્યેક મામલાઓમાં નિરીક્ષણ કરવું જોઈએ.

હુઝુર અનવરે ફરમાવ્યું : જો નિયત નેક હશે, અલ્લાહ તઆલા માટે સાક્ષી બનતા ન્યાયને દ્રઢતા પૂર્વક પકડશે, પોતાની સાક્ષીઓના સ્તરને શદ્ધ વાત પર કાયમ કરશે તો અલ્લાહ તઆલા જે રબ છે, જે રાઝિક છે તે સ્વયં જ સામાન પણ ઉપલબ્ધ ફરમાવશે તથા સ્વયં જ રિઝકમાં બરકત નાખશે. આથી આપણે પ્રત્યેક સમયે આત્મનિરીક્ષણ કરતા રહેવું જોઈએ. જો આપણે ન્યાયના એવા સ્તર સ્થાપિત કરવાના પ્રયાસ ન કરીશું તો ન ઘરોમાં અમન તથા શાંતિ સ્થાપિત રહેશે, ન સમાજમાં શાંતિ કાયમ રહેશે. સૂરઃ માયદાની આયત ૯ જે મેં તિલાવત કરી છે, તેનો અનુવાદ આ રીતે છે કેઃ

અલ્લાહ તઆલા ફરમાવે છે કે હે ઈમાન લાવનારાઓ! અલ્લાહની રાહમાં ન્યાયપૂર્વક સાક્ષી આપવા ઉપર મકકમ રહો અને કોઈની દુશ્મની તમને ન્યાય કરવાથી અટકાવવાનું કારણ ન બનવા દો હંમેશા ઈન્સાફથી કામ લો, આ વાત પરહેઝગારીની વધું નિકટમાં છે. અલ્લાહથી ડર રાખો બેશક તમે જે કરી રહ્યા છો અલ્લાહ તેનાથી સારી પેઠે માહિતગાર છે.

હુઝુર અનવરે ફરમાવ્યું કે અમુક સ્થળોએ ધાર્મિક મતભેદ હોય છે તથા તેના કારણે બીજા ધર્મો વાળાઓ દુર્વ્યવહાર પણ કરી જાય છે. તો એવી પરિસ્થિતિમાં એક મોમિનનું આ કામ નથી કે કોંમો તથા બીજા ધર્મોના લોકોના દુર્વ્યવહારનો બદલો તેવી જ રીતે લે તથા ન્યાય પ્રક્રિયા પુરી ન કરે. એક વાસ્તવિક મોમિનનું કામ છે કે અલ્લાહ તઆલાના આદેશોને મજબુતીથી પકડે તથા તેના પર કાયમ હોય તથા તેમાં જરાં પણ લાપરવાહી ન હોય. ઈન્સાફના સમર્થનમાં સાક્ષી બનવાનો અર્થ જ આ છે કે ઈસ્લામની તાલીમ

પર એવી રીતે ચાલો, તેવી રીતે કર્મ કરો કે તમારો કર્મ લોકો માટે, અન્ય ધર્મ માટે, સમાજ માટે એક ઉદાહરણ બની જાય, અન્ય કોંમો માટે ઉદાહરણ બની જાય.

આજ કાલ મુસલમાનોના અન્યાયના વિષયમાં પશ્ચિમમાં ઘણું બધું કહેવાય છે કે જે લોકો પોતાના ધર્મના લોકો સાથે ન્યાય નથી કરતા તેઓ અન્ય લોકો સાથે શું ન્યાય કરશે. આ ખુબ દુ :ખની વાત છે. અને મુસલમાન જ ઇસ્લામને બદનામ કરી રહ્યા છે પોતાની હરકતોના કારણે. શાસક જનતાના અધિકારોનું હનન કરે છે તથા જનતા શાસકોથી લડી રહી છે, આબાદીઓ અત્યાચારનો શિકાર થઈ રહી છે અને નષ્ટ થઈ રહી છે. તથાકથિત ઈસ્લામ પસંદ ગિરોહ પોતાના લોકોને પણ મારે છે તથા અન્ય દેશોમાં પણ અત્યાચારી કાર્ય કરે છે તથા પોતાના અત્યાચારને આ કહીને Justify કરે છે કે આ લોકો અમારા લોકોને મારી રહ્યા છે.

હુઝુર અનવરે ફરમાવ્યું કે આમ આ કોંમોની દુશ્મની પછી આગળ જઈ અધિક દુશ્મનીઓના બાળકો પૈદા કરી જાય છે અને આ ક્રામ કયારેય સમાપ્ત નથી થતો. માટે અલ્લાહ તઆલાએ ફરમાવ્યું કે કોઈ કોમની દુશ્મની પણ તમને આ હદ સુધી મજબૂર ન કરે કે તમે ઈન્સાફની પ્રક્રિયા પુરી ન કરો. ઈન્સાફની પ્રક્રિયા તમારે હર હાલમાં પરી કરવી છે તથા એટલા માટે જ અત્યાચાર વધી રહ્યો છે કે ન્યાયની પ્રક્રિયા પુરી નથી થતી અને જે બિન મુસ્લિમ આપણી વિરૂદ્ધ છે તે પણ એટલા માટે કે મુસલમાનોના કર્મ ઈસ્લામની તાલીમની વિરૂદ્ધ છે. જો મુસલમાન પોતાના નમૂનાઓ દેખાડતા ઈસ્લામની સુંદર તાલીમ દુનિયાને જણાવતા ઈસ્લામનો પ્રચાર કરતાં. પરંતુ અહિંયા તો હિસાબ જ ઉલટ છે અને મુસ્લિમ દેશોમાં અત્યાચાર વગર તો કંઈ દેખાતું નથી. કુરઆન કરીમનો કેટલો સુંદર નિર્દેશ છે કે કોઇ કોંમની દુશ્મની તમોને આ વાત પર તૈયાર ન કરે કે તમે ન્યાય ન કરો, આ કોઈ અન્ય ધાર્મિક પુસ્તકમાં નથી આપ્યું.

હુઝુર અનવરે ફરમાવ્યું કે દુશ્મનો સાથે વ્યવહારમાં પણ ન્યાયની પ્રક્રિયા કરવી છે, તેના તરફ ધ્યાન આપવું છે કે આ કેવી સુંદર તાલીમ છે પરંતુ ખેદ છે કે આ તાલીમ હોવા છતાં મુસલમાનોના કર્મોએ ઈસ્લામને બદનામ કરી દીધો. આંહઝરત સ.અ.વ.એ કેટલી સૂક્ષમતાથી પોતાના સહાબાઓથી આના પર અમલ કરાવ્યો તેના અમુ ઉદાહરણો આપું છું. એક વાર એક યુદ્ધમાં ભૂલથી એક મહિલા સહાબાના હાથે મરી ગઈ, આપને તેની ખબર મળી તો આપ સહાબા પર ખુબ નારાઝ થયા. રિવાયતમાં આવે છે કે આપના ચહેરા પર તે સમયે એટલા ક્રોધનો પ્રભાવ હતો કે તેના પહેલા કયારેય ન જોવા મળ્યો. સહાબાએ કહ્યું પણ કે ભૂલથી મરી ગઈ છે પરંતુ આ ભૂલ ચૂક છતાં આપને ખુબ દુખ થયું કે ન્યાયની સ્થાપના નથી થઈ.

પછી એક રિવાયતમાં આવે છે કે એક યહૂદીનો એક સહાબી ઉપર ચાર દરહમનો ૠણ હતો જેની અવધિ પુરી થઈ ગઈ હતી. તે યહૂદીએ આવીને આંહઝરત સ.અ.વ.ને ફરીયાદ કરી દીધી કે આ વ્યકિત ઉપર મારા ચાર દરહમ કર્ઝ છે અને તે મને અદા નથી કરતો. રસૂલ કરીમ સ.અ.વ.એ સહાબીને બોલાવ્યો જેનું નામ અબ્દુલ્લાહ હતું અને તેને કહ્યું કે યહૂદીનો હક આપી દો. હઝરત અબ્દુલ્લાહએ નિવેદન કર્યુ કે તે જાતની સૌંગંદ કે જેણે આપને હક સાથે મોકલ્યો છે મારામાં ૠણ ચુકવવાની શકિત નથી. આપ સ.અ.વ.એ ફરીથી તેમને ફરમાવ્યું કે આ વ્યકિતનો ૠણ પાછો આપો. અબ્દુલ્લાહએ નિવેદન કર્ય કે મેં તેને કહી દીધું છે કે આપ સ.અ.વ. અમોને ખૈબર યુદ્ધમાં મોકલશે તથા માલ એ ગનીમતમાંથી થોડુંક આપશે અને પાછો આવીને હું તેનું ૠણ ચુકવી દઈશ. આપ સ.અ.વ.એ ફરીથી ફરમાવ્યું કે તેનો હક અદા કરો. નબી કરીમ સ.અ.વ. જ્યારે કોઈ વાત ત્રણ વાર ફરમાવી દેતા હતા તો તે અંતિમ નિર્ણય સમજાતો હતો. આથી હઝરત અબ્દુલ્લાહ તે જ સમયે બજાર ગયા તેમણે ચાદરને લુંગીની જેમ બાંધી હતી તથા માંથા પર લુઘડું પણ હતું. માંથાનું લુઘડું ઉતારી તેમણે લુંગીની જેમ પહેરી લીધું તથા ચાદરને ચાર દરહમમાં વેચી ૠણ ચુકવ્યું. તો આ હતા ધોરણો જે આપે કાયમ કર્યા. યહૂદીને આ ન ફરમાવ્યું કે તેણે જ્યારે સમય માંગ્યો છે તો મહોલત આપ બલ્કે પોતાના સહાબાને આ કહ્યું કે તરત જ તેનો કર્ઝ અદા કરો અને તેના માટે તેમને પોતાના કપડા પણ ઉતારી વેચવા પડયા. તો આ સ્તર છે ન્યાયના અને આ જ સ્તર છે જે આપણે પ્રત્યેક સ્તર પર કાયમ રાખીશું

તો આ યુગમાં આંહઝરત સ.અ.વ.ના સાચા ગુલામના વાસ્તવિક માનનારમાં ગણાશું તથા તે ઉદ્દેશ જે હઝરત મસીહ મૌઉદ અ.સ.ની નિયુકિતનો છે તેને પુરો કરનાર બનીશું.

હુઝુર અનવરે ફરમાવ્યું કે સૂરઃ આરાફની જે આયત મેં તિલાવત કરી છે તેમાં અલ્લાહ તઆલાએ તે જ વાતનો ઈરશાદ ફરમાવ્યો છે. અનુવાદ આ પ્રમાણે છે: અમે જેમને પૈદા કર્યા છે તેમનામાં એવા લોકો પણ છે જે બીજાને સચ્ચાઈની હિદાયત આપે છે અને સચ્ચાઈના આધારે ન્યાય કરે છે.

જ્યારે ઈન્સાન સ્વયં હિદાયત પર કાયમ ન હોય તો બીજાને શું હિદાયત આપશે. માટે આપણે જો હઝરત મસીહ મૌઉદ અ.સ.ની બૈઅતના અહેદને પૂર્ણ કરવો છે તથા આપના મિશનને પૂર્ણ કરવો છે અને ઈસ્લામના સંદેશને દુનિયા સુધી પહોચાડવો છે અને પ્રચારનો અધિકાર અદા કરવો છે તો પછી તે જ નિયત અનુસાર સમસ્ત ઉચ્ચ આચરણને અપનાવવો પડશે જે ઈસ્લામની તાલીમ છે, જે આંહઝરત સ.અ.વ.એ ઈરશાદ ફરમાવ્યો છે.

અલ્લાહ તઆલા કરે કે આપણે અલ્લાહ તઆલાના આદેશ અનુસાર ચાલતા પોતાના જીવનને ઢાળનાર બનીએ અને હઝરત મસીહ મૌઉદ અ.સ.ની બૈઅતને પૂર્ણ કરનાર બનીએ તથા આપની બૈઅતનો અધિકાર અદા કરનાર બનીએ. આપણે બીજા લોકો માટે માર્ગદર્શન તથા ન્યાયનો નમૂનો બનનાર થઈએ.

ખુત્બા જુમ્માના અંતમાં હુઝુર અનવરે મુકર્રમ હસન મુહમ્મદ ખાન આરિફ સાહબ પુત્ર મુકર્રમ ફઝલ મુહમ્મદ ખાન સાહેબ શમોલીની નમાઝે જનાઝા ગાયબ પઢવાનો એલાન ફરમાવ્યો અને મરહૂમના સદગુણો બયાન ફરમાવ્યા.

TOLL FREE NO: 180030102131

| Khulasa Khutba Jumma Huzoor Anwar 10 November 2017 |
|---|
| BOOK POST (Printed Matter)<br><br>To.................................................................................................<br>.................................................................................................<br>.................................................................................................<br><br>From: Masroor Manzil, Al-Aman society. Narol, Ahmedabad-382405 GUJARAT. |